# મી. ઈન્ડીયા

–આશા વીરેન્દ્ર

‘બેટા, શું નામ છે તારું?’ સંતોષે લાગણીભર્યા, કોમળ અવાજે બગીચાની બેન્ચ પર એની સાથે બેઠેલા બાળકને પુછ્યું.

‘તમારે મારું નામ જાણીને શું કામ છે? ને પહેલાં તમે તમારું નામ કહો તો હું તમને મારું નામ કહીશ.’ બાળકને જરાયે અજાણ્યું નહોતું લાગતું. સંતોષ હસી પડ્યો. પણ એણે જોયું કે એ સુન્દર, નાનકડા બાળકની આંખોમાં જાણે દુનીયાભરની ઉદાસી ઠલવાયેલી હતી. સાત–આઠ વર્ષના એ માસુમ બાળકના શરીર પર સફેદ શર્ટ અને વાદળી રંગની ચડ્ડીનો યુનીફોર્મ તો હતો; પણ એની પાસે સ્કુલ–બેગ, પાણીની બોટલ કે લંચબૉક્સ કશું દેખાતું નહોતું. બાળક તરફ મીત્રતાનો હાથ લમ્બાવતાં એણે કહ્યું :

‘મારું નામ છે સન્તોષ અને હવે તારું નામ મને જાણવા મળશે?’

‘ગોપી.’

‘અત્યારે સાંજે ચાર–સાડાચાર વાગ્યે તું સ્કુલને બદલે અહીં બગીચામાં કેમ છે?’

‘કેમ કે સ્કુલમાં લઈ જવાની મારી બધી ચીજ–વસ્તુઓ ઘરમાં પડી છે અને ઘરને તાળું છે. કહો, હું સ્કુલે કેવી રીતે જાઉં?’

એનો જવાબ સાંભળી સન્તોષને નવાઈ લાગી; પણ એની સાથે મૈત્રી કેળવવાના ઈરાદાથી એણે હસીને કહ્યું :

‘હું એક સાઈકીયાટ્રીસ્ટ છું. એટલે શું તે ખબર છે? જેમ ડૉક્ટર આપણા શરીરની માંદગીનો ઉપાય કરે, એમ અમે સાઈકીયાટ્રીસ્ટ મગજની બીમારીનો ઈલાજ કરીએ.’ ધીમે ધીમે એને વીશ્વાસમાં લેતાં સન્તોષે પુછ્યું :

‘તારાં મમ્મી–પપ્પાનું નામ શું?’

ગોપીનો ચહેરો આ પ્રશ્ન સાંભળતાં જ ઝાંખો ધબ્બ થઈ ગયો. જાણે ખુલ્લા આકાશમાં અચાનક કાળું વાદળ ધસી આવ્યું ન હોય! કડવો ઘુંટડો ગળે ઉતારતો હોય એવું મોં કરીને એણે કહ્યું : ‘જો એમ કહું તો નવાઈ ન પામશો કે મારા પપ્પા ‘અલ્શેશીયન’ છે અને મારી મમ્મી ‘પોમેરીયન’ છે.’

સન્તોષને આંચકો લાગ્યો. આ તે કેવી વાત? ગોપીને પોતાની નજીક વધુ ખેંચીને પ્રેમથી એના વાળમાં હાથ ફેરવતાં એણે કહ્યું,

'ગોપી, સારાં છોકરાંઓ પોતાનાં મા–બાપને કુતરાં કહે? આવું ન બોલાય, બેટા!'

ગોપીએ સન્તોષનો હાથ ઝટકાથી દુર કર્યો અને રોષથી કહેવા લાગ્યો,

'કેમ ન કહેવાય? એ બન્ને રોજેરોજ કુતરાંની જેમ જ ઝઘડે છે. કુતરાં એકબીજાં સામે ભસે, તેમ ભસે છે ને કુતરાંની જેમ જ એકમેકને નખોરીયાં ભરે છે.'

આટલું બોલતાં તેની આંખમાં આંસુ ઉભરાયાં. વાત બદલવાના ઈરાદાથી સન્તોષે પુછ્યું,

'તેં સવારથી કશું ખાધું છે કે ભુખ્યો જ છે?'

સવારે એક ગ્લાસ બોર્નવીટા પીધા પછી, અત્યારે પાંચ વાગ્યા સુધી એણે કંઈ ખાધું જ નથી એ જાણીને, સન્તોષે એને સામેની રેસ્ટોરાંમાં લઈ જઈને સેન્ડવીચ ખવડાવી અને કૉફી પીવડાવી. હવે ગોપીને એની પર ભરોસો બેઠો હોય એમ પોતાની મેળે જ કહેવા લાગ્યો,

'આજે સવારે શું થયું, ખબર છે? હજી તો હું પથારીમાંથી ઉભો પણ નહોતો થયો, ત્યાં મને રસોડામાં કાચનાં વાસણો ફુટવાનો અને મા–પાપા બન્નેનો જોરજોરથી ઝઘડવાનો અવાજ સંભળાવા લાગ્યો.

'અલ્શેશીયન – સોરી, પાપા કહેતા હતા કે તારાથી થાય એ કરી લે. હું તો જેમ રહેતો આવ્યો છું, એમ જ રહીશ અને જેવું વર્તન કરું છું, એવું જ કરીશ.

'પાપા આવું બોલ્યા, એટલે મા સખત ગુસ્સે થઈને હાથમાં સાણસી લઈને બહાર આવી અને ડાઈનીંગ ટેબલ પર સાણસી પછાડીને કહેવા લાગી, બસ, હવે મારાથી એક દીવસ પણ તારા જેવા બેકાર અને મુફલીસ માણસ સાથે રહેવાશે નહીં. આજે ને આજે મારું આ ઘર ખાલી કરીને જા.'

'તમે રહો છો એ ઘર તારી મમ્મીનું છે?'

'હા, આ ઘર મમ્મીને એના પીતાજી તરફથી લગ્નની ભેટ તરીકે મળ્યું છે.' આટલું કહેતાં ગોપી ડુસકાં ભરીને રડવા લાગ્યો.

એને આશ્વાસન આપતાં સન્તોષે કહ્યું, 'ચીન્તા ન કર. બધું ઠીક થઈ જશે. પતી–પત્ની વચ્ચે નાના–મોટા ઝઘડા તો દરેક ઘરમાં ચાલતા હોય છે.'

'ના, મને ખબર છે. હવે કશું ઠીક નહીં થાય. આજે મા ઘરમાંથી નીકળતી વખતે બોલી હતી કે હું આજે જ વકીલ પાસે જવાની છું. મારે છુટા.. કે એવું કંઈક જોઈએ છે. આ છુટા.. એટલે શું, અંકલ?'

સન્તોષનું મન ભરાઈ આવ્યું. મા–બાપના ઝઘડામાં બાળકના કુમળા મનની શી હાલત થાય છે તે જોવાની એમને પડી જ ન હોય? આંખો લુંછીને ગોપી બોલ્યો,

'ગુસ્સામાં ને ગુસ્સામાં પાપા એની કારમાં બેસી જતા રહ્યા અને બારણે તાળું મારીને મમ્મી એના સ્કુટર પર ચાલી ગઈ. મારું દફતર, પાણીની બૉટલ બધું જ ઘરમાં રહી ગયું; પણ કોને કહું? જતી વખતે બેમાંથી કોઈએ મારી સામે જોયું પણ નહીં. પછી હું ચાલતો ચાલતો અહીં આવીને બેઠો.'

એક મનોચીકીત્સક હોવા છતાં આ બાળકને અત્યારે શું કહેવું એ સન્તોષને સમજાયું નહીં. મુંઝાયેલા ગોપીએ ચીન્તાતુર અવાજે એને પુછ્યું,

'રાત સુધી પણ જો એ બન્ને ઘરે નહીં આવે તો હું ક્યાં જઈશ, અંકલ? જેમ જેમ અંધારું વધતું જાય છે એમ મને બહુ ડર લાગે છે.'

'ડરવાની જરાયે જરુર નથી. તને હું મારે ઘરે લઈ જઈશ. ખબર છે? મારા ઘરે તારા જેવા આઠ દોસ્તો છે. હું પણ એક વખત તારી જેમ જ એકલો–અટુલો હતો. અનાથાશ્રમમાં મોટો થયેલો અને ભણેલો. ભણીગણીને કમાતા થયા પછી, આપણા જેવા બાઈબન્ધો માટે એક નાનકડું ઘર લીધું છે. એમાં અમે બધા સાથે રહીએ છીએ અને મઝા કરીએ છીએ.'

આ સાંભળીને ગોપીને પોતે જોયેલી ફીલ્મ યાદ આવી ગઈ. એના ઉદાસ મુખ પર હાસ્ય પ્રગટ્યું અને એ બોલ્યો,

'અચ્છા, તો તમે 'મીસ્ટર ઈન્ડીયા' છો?' એને ગળે વળગાડતાં સન્તોષે કહ્યું,

'હા, તેં મને બરાબર ઓળખ્યો, દોસ્ત. હું સન્તોષ નહીં; પણ 'મી. ઈન્ડીયા' છું.'

–આશા વીરેન્દ્ર

('ગીરીરાજશરણ અગ્રવાલ'ની 'હીન્દી' વાર્તાને આધારે)

સર્જક–સમ્પર્ક :

–આશા વીરેન્દ્ર

બી–401, 'દેવદર્શન', પાણીની ટાંકી પાસે, હાલર , વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137 ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: તેરમું – અંક: 399 –April 29, 2018

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,49,99,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 96,19,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,97,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 9,46,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@